બીબીએ કૉલેજના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના તૃતિય વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ તાજેતરમાં યોજાયો હતો. આ સમગ્ર કાર્યક્રમ દ્વિતીય તેમજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત થયો હતો. વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું હતુ કે કૉલેજના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા તેઓને હંમેશા માર્ગદર્શન તેમજ સહકાર પ્રાપ્ત થયો છે. તેઓ આજે જે કાંઈ મેળવી શક્યા છે તેમાં કૉલેજનો અમૂલ્ય ફાળો છે. કૉલેજ નાં આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને આગામી પડકારો માટે તૈયાર રહેવા જણાવાયું હતું. ડૉ.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને મેનેજમેન્ટના એટીકેટસ દ્વારા ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરવા જણાવાયું હતું. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ રમતગમતની પ્રવૃતિઓ આ નિમિત્તે યોજી હતી. સંગીત-ખુરશી, કોથળાદોડ, નિશાન તાક, રસ્સા ખેંચ જેવી રમતો રમી વિદ્યાર્થીઓ પ્રફુલ્લિત બની ગયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. રમાકાંત પૃસ્ટીના માર્ગદર્શન હેઠળ ડો. જયેશ તન્ના, ડૉ. નીરવ જોશી તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

મિતુલ જોષી
મો. ૯૮૭૯૫ ૩૮૭૯૬

પર્વ ધવલ પટેલ

કથન હાર્દિક દરજી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

નહેરુ યુવા કેન્દ્ર - જી ઈ ક્લબ દ્વારા વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી

યુથ હૉસ્ટેલમાં આજે સાંજે નાટક 'પ્રેમ દિવાનો' ભજવાશે

સંવેદનશીલ સામાજિક નાટક માણવા સૌ નાગરિકોને ઈજન

ગાંધીનગર, તા. ૨૬

વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે નગરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવતના નવા નાટક 'પ્રેમ દિવાનો'નું મંચન ગાંધીનગર યુથ હૉસ્ટેલ ખાતે થઈ રહ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાંત સુથાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે કુંતલ નિમાવત દ્વારા ધ ગ્રેટ એન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ)ના બેનર તળે વર્ષ ૨૦૦૨થી વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી સ્ટેજ કાર્યક્રમના માધ્યમથી કરવામાં આવે છે. આ ઉપક્રમમાં આ વખતે નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર પણ જોડાયું છે.

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુથ હૉસ્ટેલ, ગાંધીનગર ખાતે તા. ૨૭મી માર્ચ ને બુધવારના રોજ સાંજે ૬.૦૦થી ૭.૦૦ દરમિયાન એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત સંવેદનશીલ સામાજિક નાટક 'પ્રેમ દિવાનો'ની ભજવણી કરવામાં આવશે.

નગરનાં કલાકાર રૂદ્રી શુક્લ, જૈનલ રાવલ, પ્રતિક્ષા નિમાવત અને કુંતલ નિમાવત આ નાટક માટે પોતાનો અભિનય આપી રહ્યા છે.

આ કાર્યક્રમ સૌ નાગરિકો માટે ખુલ્લો છે અને તેને માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. સૌ નાગરિકોને આ સામાજિક નાટક માણવા માટે તેમના દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળામાં મતદાન જાગૃતિ અભિયાન હેઠળ કોઈ પણ જાતના જાતિ, ધર્મ કે પ્રલોભનોથી પ્રભાવિત થયા વિના નિર્ભય રીતે મતદાન કરીશું એવી પ્રતિજ્ઞા સાથે સહી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું. ગામના તમામ મતવિસ્તારોમાં મતદારોની પ્રતિજ્ઞા સાથે સહી પણ લેવામાં આવી હતી. ગ્રામજનોનો પ્રોત્સાહક પ્રતિભાવ આ ઉપક્રમને સાંપડ્યો હતો.

સમાજને સતત એક યા બીજી રીતે પાછું આપવાની કાર્યપ્રણાલીમાં શ્રી ગજાનન સેવા સમિતિ કાર્યરત છે. આ ક્રમમાં એક નવા સેવાકાર્યને સંસ્થા દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું. શામળાજી મંદિર પાસે વન વિભાગનું શ્યામલ વન છે. નક્કી કરી અમદાવાદથી સામાન અને કારીગર લઈ ચાર બતકની રાઈડ અહીં સંસ્થા દ્વારા મૂકવામાં આવી છે. સુંદર રંગોમાં સુશોભિત આ રાઈડમાં ચાર બાળકો એકસાથે બેસી શકે એવી વ્યવસ્થા છે. તેના બેરિંગ ખૂબ વિશેષ હોવાથી હળવા હાથે પણ તેને ફેરવી શકાય છે.

ઉલ્લેખનીય છે કે આ વિસ્તારની આસપાસની ૧૩૦ જેટલી શાળાઓમાં સંસ્થાનાં સેવાકાર્યો ચાલે છે. આ અનોખી ભેટ મળતાં બાળકોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ હતી.

વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી નિમિત્તે

સે. ૬ની સરસ્વતી વિદ્યાલયમાં આજે બાળનાટકની ભજવણી

ભાર્ગવ જીવરામ જોષીનું બાળનાટક 'ભોટ-ભંભોટ' બપોરે ૩ કલાકે

ગાંધીનગર, તા. ૨૬

તારીખ ૨૭મી માર્ચને વિશ્વ રંગભૂમિ દિવસ તરીકે દુનિયામાં ઉજવવામાં આવે છે. આ ઉજવણીનું આયોજન ગાંધીનગર શહેરમાં પણ કરવામાં આવ્યું છે.

શહેરના જાણીતા અદકાર હિમાંશુ ભચેચ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીના ભાગરૂપે ખ્યાત નાટ્યવિદ અને બાળસાહિત્યનાં ભીષ્મપિતામહ ભાર્ગવ જીવરામ જોષીનું બાળનાટક 'ભોટ-ભંભોટ' બપોરે ૩થી ૫ કલાક દરમિયાન સરસ્વતી વિદ્યાલય, સેક્ટર-૬ ખાતે યોજવામાં આવ્યું છે.

આ પ્રસંગે ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર અખ્તર સૈયદ અને 'કરાઓકે સંગીત'માં વર્લ્ડ રેકર્ડ સર્જનાર સંજય તન્ના અને તેમની ટીમનું સન્માન પણ કરવામાં આવશે. કલા અને રંગભૂમિમાં રસ ધરાવતા સૌ નાગરિકોને આ ઉજવણીમાં સામેલ થવા તેમણે ઈજન પાઠવ્યું છે.

શ્રેષ્ઠ પ્રત્યાયનકાર

॥ છઠ્ઠો મણકો ॥

જો માણસનું નવઘડતર કરવું હોય તો એ સિવાય બીજો માર્ગ નથી. 'નવજીવન' શરૂ કર્યું ત્યારે તે ઉદ્દેશ્યને સ્પષ્ટ કરતાં જણાવે છે કે, ''સત્યાગ્રહની સીમા કંઈ સરકાર ને પ્રજા વચ્ચેના સંબંધોમાં જ સમાપ્ત થતી નથી. સંસારી સુધારાને સારુ પણ એ અમૂલ્ય શસ્ત્રછે. આમાં સ્ત્રીઓની સ્થિતિ,આપણા કેટલાક નઠારા રિવાજો, હિંદુ-મુસલમાનો વચ્ચે ઊભા થતા સવાલો, અંત્યજોને લાગતી અડચણો- આવા અનેર પ્રશ્નોનો નિવેડો આવી શકે છે. એટલે આ બધા પ્રશ્નોની ચર્ચા 'નવજીવન' પ્રસંગોપાત્ત કરશે. હિંદીનો આર્થિક ઉદ્ધાર સ્વદેશીમાં જ છે એવી મારી દૃઢ માન્યતા છે. સ્વદેશીમાં ધર્મમૂળ છે. ધર્મનો ત્યાગ કરીને કોઈ પ્રજા ઉન્નતિ પામી નથી ને પામશે નહિં. એટલે સ્વદેશીનો ભારે પ્રચાર પણ 'નવજીવન' કરશે. અંગ્રેજીનો મોહ મિથ્યાછે એ તો 'નવજીવન' પ્રતિક્ષણ બતાવ્યા કરશે.''

દેશની સેવા સત્યાગ્રહ દ્વારા કરવાનો ધંધો જ એ લઈ બેઠાં હતા, તો એમ કહેવું પડે કે, પત્રના તે કામને એમણે પોતાનો સ્વધર્મ જ જાણે માન્યો હતો, તે કાર્યમાં પણ એમણે ધર્મને જ ભેગો લીધો હતો. અને એમના જીવનની ખૂબી જ એમાં હતી કે, જે કાર્યમાં તે લાગે, તેની કુશળતાની ઉત્તમોત્તમતાનું જ લક્ષ્યવેધ બનાવે. એમની કુશળતા તેમણે સત્યાગ્રહની નીતિરીતના પ્રચારકામમાં પણ દાખવી,એક ઉત્તમકોટિના પત્રકાર તરીકે પણ નામના મેળવી.

વિકાસ પત્રકારત્વ

ગાંધીજીના 'હરિજનબંધુ' સામાહિકને વિકાસલક્ષી પત્રકારત્વ ઘણી શકાય છે. ગાંધીજીએ હરુજનોની તમામ સામાજિક, આર્થિક, રાજકીય, સાસ્કૃતિક તેમજ ધાર્મિક અસમાનતાઓ અને વિસંગતતાઓ દૂર કરી તેમને હિંદના સમાન દરજ્જાના સ્વમાનભેર નાગરિકતા અપાવાનો હતો. આ માંગલિક કાર્ય સંપન્ન કરવા માટે ૧૯૩૩ના ફેબ્રુઆરી માસમાં હરિજન સેવક સંઘની સ્થાપના કરી તથા તેના વ્યાપક પ્રચાર અને બૃહદ જનતાના તમામ વર્ગોમાં સાચી સમજણ કેળવવા માટે સંઘ તરફથી 'હરિજન' સામાહિક શરૂ કર્યું. ત્રણ માસ પછી ગુજરાતીમાં હરિજનબંધુ અને હરિજન નામે અંગ્રેજીમાં સામાહિક શરૂ કર્યું. સામાહિકનો ઉદ્દેશ પ્રગટ કરતાં ગાંધીજી જણાવે છે કે,

''હરિજનબંધુ પ્રગટ કરવાનો હેતુ તમારી પાસેથી અંકનો આનો કે વર્ષમાં ચાર રૂપિયા લઈ બે-ચાર કે વધારે માણસની આજીવિકા મેળવી લેવાનો નથી. તમારું લવાજમ તમારી અસ્પૃશ્યતા નિવારણ કરવાની ઈચ્છાની એક નિશાની હશે અથવા તમે સનાતની હો તો સુધારક શું કહે છે તે જાણવાની તમારી ઈચ્છાની નિશાનીરૂપ હશે. હરિજનબંધુના ગ્રાહ અસ્પૃશ્યતા નિવારણની હિલચાલનું જ્ઞાનમેળવવાની ફી ભરે છે એમ હું ગણું છઉં. જો તમે હિંદુ ધર્મમાંથી અસ્પૃશ્યતારૂપી કલંકને કાઢવા ઈચ્છો તો હિલચાલ શું છે, તે ચલાવનારા કોણ છે, હિલાચાલ કઈ રીતે ચાલી રહી છે તે વિશે શાસ્ત્ર શું કહે છે, દુનિયા શું કહે છે, તમે તેમાં શો ભાગ લઈ શકો છો, એ બધું તમારે જાણવું જોઈએને એ બધી માહિતી તમને હરિજનબંધુ આપશે. હું આશા રાખું છું કે તમારો આનો વ્યર્થ નહીં થાય. મને રીઝવવાને ખાતર હિરજનબંધુ ન લેશો. મને ભય છે કે મારી ઉપરના અંધ પ્રેમને લીધે કેટલાક તો હરિજનબંધુની જરૂર તેમને નહીં લાગતી હોય તોયે લેશે.હું એ ઈચ્છતો નથી.

હરિજન બંધુ કાઢવાને ખાતર કાઢવાની મને મુદ્દલ હોશ નથી. મને તેટલો સમય નથી. તેમાં મુખ્યત્વે અંગ્રેજીમાંથી અનુવાદ આવશે. તેથી ભડકશો નહીં. આ અનુવાદમાં તમે નવીનતા જોશો.ગુજરાતીઓને જ ઉદ્દેશીને મારે કંઈક તો લખવું જ પડશે. મારે હરિજનબંધુ એક વિશેષ પ્રાયશ્ચિત છે. હું મારો આત્મા આ હિલચાલની પાછળ રેડી રહ્યો છું. અસ્પૃશ્યતા નિવારણ મારે સારું આજકાલની પ્રવૃત્તિ નથી, મેં રાજકારણમાં પ્રવેશ કર્યો તે પહેલાંની છે, બચપણની છે.''

અસ્પૃશ્યતાનિવારણની પ્રવૃત્તિ તેમને માટે પ્રતિજ્ઞારૂપ થઈ પડી છે, એ દર્શાવતાં કહે છે કે, હવે તમે વધારે સ્પષ્ટ રીતે સમજયા હશો કે, ''હરિજનબંધુ'' અંગ્રેજીમાંને રાષ્ટ્રીય તથા પ્રાંતીય ભાષાઓમાં કાઢવામાં કેમ મારું પાયશ્ચિત રહ્યું છે. કાં તો મારે નિરુપાય થઈ મૃત્યુશય્યાએ પડવું જોઈએ. (ક્રમશઃ)

- મિતેષ મોદી સંશોધિત લેખ 'મહાત્મા ગાંધી એક શ્રેષ્ઠ પત્રકાર અને સમૂહ પ્રત્યાયનકાર'માંથી સાભાર

ઈસરો દ્વારા પહેલી એપ્રિલે એમિસૈટ સેટેલાઈટ લોન્ચ

ગાંધીનગર, તા. ૨૬

ભારત એક એપ્રિલનાં રોજ રક્ષા અનુસંધાન વિકાસ સંગઠન માટે ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજેંસ સેટેલાઈટ લોન્ચ કરવા જઈ રહેલ છે. ભારતીય અંતરિક્ષ સંગઠન (ઈસરો)એ રોજ જણાવ્યું કે, 'આ સેટેલાઈટ સાથે ૨૮ થર્ડ પાર્ટી સેટેલાઈટને પણ લોન્ચ કરવામાં આવશે. એમિસૈટ સેટેલાઈટનો ઉપયોગ દુશ્મનાં રડાર વિશે જાણવા અને કમ્યુનિકેશંસ ઈન્ટેલિજન્સ અને તસ્વીરોને ભેગી કરવા માટે કરવા આવશે. રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ)નાં પૂર્વ વૈજ્ઞાનિકે કહ્યું કે, 'મિલિટ્રી સેટેલાઈટ જેવાં કે એમિસેટની ત્રણ ખાસિયત છે. પ્રથમ આ દુશ્મનનાં રડારની ગતિવિધિઓનું નિરીક્ષણ કરવામાં મદદ કરશે. બીજી સીમા પર તૈનાત સેંસરને આધારે દુશ્મનનાં ક્ષેત્રની સટીક સ્થલાકૃતિ વિશે જાણવામાં મદદ કરશે. ત્રીજી કોમ્યુનિકેશન ઈન્ટેલિજન્સને આધારે એ માલૂમ થશે કે તે ક્ષેત્રમાં કેટલાં કમ્યુનિકેશન ડિવાઈસ સક્રિય છે.

ડીઆરડીઓની ૪૩૬ કિલોની સેટેલાઈટને પૃથ્વીની કક્ષામાં ૭૩૬ કિ.મી પર પ્રક્ષેપિત કરવામાં આવશે. એનાંથી તપાસ એજન્સીઓને શત્રુ દેશો જેવાં કે પાકિસ્તાન પર બાજની નજર રાખવામાં મદદ મળશે. વરિષ્ઠ વૈજ્ઞાનિકે કહ્યું કે, તપાસ એજન્સીઓ દુશ્મનનાં હથિયારો અને સૈન્ય પૂંજી પર ડ્રોન્સ, એરોસૈટ અથવા તો પેરાશુટને આધારે બાજ નજર રાખે છે કે જેનાંથી દુશ્મનનાં વિસ્તારો અને સેટેલાઈટ પર નજર રાખે છે. આ તમામની એક સીમા છે.

ડ્રોન માત્ર કેટલાંક કલાકો માટે ઉડી શકે છે અને પેરાશુટ ત્યાં સુધી ઉડી શકે છે કે જ્યાં સુધી તેમાં હિલિયમ ગેસ હોય છે અને ઉપગ્રહ સ્થિર નથી હોતાં. આ જ કારણથી અનેક ઈલેક્ટ્રોનિક સેટેલાઈટને લોન્ચ કરવાંથી દુશ્મનની સૈન્ય પૂંજી અને તેઓની ગતિવિધિઓની સતત દેખરેખ રાખવી અને દુશ્મનનાં રડાર પર નજર રાખવામાં મદદ મળે છે.

આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસનું નિવેદન

ફાઈનાન્શિયલ ટ્રાન્ઝેક્શન દ્વારા ડિજિટલ ચૂકવણીઓમાં સુધારો કરવા પેનલ રચાઈ

પેનલે ત્રણ માસમાં પોતાનો રિપોર્ટ સુપ્રત કરવાનો રહેશે

મુંબઈ,તા.૨૬

ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે આરબીઆઈએ ફાઈનાન્શિયલ ટ્રાન્ઝેક્શન્સ દ્વારા ડિજિટલ ચુકવણીઓમાં સુધારો કરવા અને નાણાકીય સમાવેશનને વધારવા માટે પાંચ સભ્યોની પેનલની રચના કરી છે. પેનલનું નેતૃત્વ નંદન નિલેકણીને આપવામાં આવ્યું છે. તેઓ આ પેનલના ચેરમેન છે. આ પેનલને આગામી ત્રણ મહિનામાં તેનો રિપોર્ટ સુપરત કરવાનું કહેવામાં આવ્યું છે.

મંગળવારે દિલ્હીમાં ફિનટેક સંમેલન યોજાયું હતું. નીતિ આયોગ દ્વારા નવી દિલ્હીમાં FINTECH કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ના ગવર્નર શક્તિકાંત દાસ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતુ. નીતિ આયોગ દ્વારા આ અંગે સત્તાવાર જાહેરાત રવિવારે કરવામાં આવી હતી. નીતિ આયોગ અનુસાર, સરકાર અને આરબીઆઈના વરિષ્ઠ અધિકારીઓ સિવાય નાણાકીય સંસ્થાઓના લગભગ ૩૦૦ પ્રતિનિધિઓએ આ સમારોહમાં હાજરી આપી છે.

નીતિ આયોગએ જણાવ્યું છે કે, ''તેનો હેતુ ફિનટેકમાં સતત ભારતની પ્રાધાન્યતાને આકાર આપવો અને ભવિષ્યમાં વ્યૂહરચનાઓ અને રણનીતિઓ તેમજ નીતિગત પ્રયત્નોને સુધારવું છે. તે સિવાય વ્યાપક નાણાકીય સમાવેશનના પગલાઓ વિશે ચર્ચાઓનો સમાવેશ કરવાનો છે.

હવે વિદ્યાર્થીઓને યોગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ભણાવાશે

સીબીએસઈ નવમા ધોરણના વિદ્યાર્થીઓ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો છઠ્ઠા વૈકલ્પિક વિષય તરીકે સમાવેશ કરશે
શાળાઓ આઠમા ધોરણથી જ ૧૨ કલાકનું 'ઈન્સ્પાયર મૉડ્યુલ' (એઆઈ) શરૂ કરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી, તા.૨૬

સીબીએસઈ આવનારા શૈક્ષણિક વર્ષથી યોગ, પ્રારંભિક વરસોમાં બાળકોની માવજત અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો નવા વિષય તરીકે શાળાના અભ્યાસક્રમમાં સમાવેશ કરશે, એમ અધિકારીએ કહ્યું હતું. તાજેતરમાં જ મળેલી બૉર્ડની સંચાલક સમિતિની બેઠકમાં આ ત્રણ વિષયનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૧૯-૨૦થી સીબીએસઈ નવમા ધોરણના વિદ્યાર્થીઓ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો છઠ્ઠા વૈકલ્પિક વિષય તરીકે સમાવેશ કરશે. શૈક્ષણિક ક્ષેત્રે બહુલક્ષી શિસ્ત અભિગમને પ્રોત્સાહન આપવા અને નવી પેઢીને સંવેદનશીલ બનાવવા શાળાઓ આઠમા ધોરણથી જ ૧૨ કલાકનું 'ઈન્સ્પાયર મૉડ્યુલ' (એઆઈ) શરૂ કરે તેવી શક્યતા હોવાનું બૉર્ડના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું.

યોગ અને પ્રારંભિક વરસોમાં બાળકોની માવજત જેવા વૈકલ્પિક વિષયો સિનિયર સેકધડરી સ્તરે શરૂ કરવાનો પણ બૉર્ડે નિર્ણય લીધો હોવાનું તેમણે કહ્યું હતું. નિમાનુસાર હાલના પાંચ ફરજિયાત વિષયની સાથે વધારાના છઠ્ઠા વિષય તરીકે સેકધડરી સ્તરે સ્કીલ સબ્જેક્ટ પણ ઑફર કરવામાં આવે તેવી શક્યતા હોવાનું તેમણે કહ્યું હતું.

જો વિદ્યાર્થી આ ત્રણ (વિજ્ઞાન, ગણિત અને સોશિયલ સાયન્સ)માંથી કોઈપણ એક વિષયમાં નાપાસ થાય તો કૌશલ્યનો વિકાસ કરતો વિષય તેનું સ્થાન લેશે અને દસમા ધોરણનું પરિણામ શ્રેષ્ઠ પાંચ વિષયને આધાર બનાવીને તૈયાર કરવામાં આવશે એમ તેમણે કહ્યું હતું.